હિંદુસ્તાનની

સંક્ષિપ્ત ભૂગોળ.

(મુંબઈ ઈલાકો અને હિંદુસ્તાનના
પુરેપુરા વર્ણન સાથે.)

(ખાસ ગુજરાતી ત્રીજા અને ચોથા ધોરણ માટે.)

રચનાર.

કાળીદાસ લલ્લુભાઈ બ્રહ્મભટ્ટ.

મુ. પાટણ.

પહેલી આવૃત્તિ.

ઈ. સ. ૧૯૧૦. સંવત ૧૯૬૬.

કીંમત. ૦-૨-૦.

હિંદુસ્તાનની સંક્ષિપ્ત ભૂગોળ.

(મુંબઈ ઇલાકો અને હિંદુસ્તાનના પુરેપુરા
વર્ણન સાથે)

(ખાસ ગુજરાતી ત્રીજા અને ચોથા ધોરણ માટે)

રચનાર

કાળીદાસ લલ્લુભાઈ બ્રહ્મભટ્ટ.

મુ. પાટણ.

પહેલી આવૃત્તિ.

ઈ. સ. ૧૯૧૦ સંવત ૧૯૬૬

કીંમત ૦-૨-૦

અમદાવાદ—યુનાઈટેડ પ્રિંટિંગ અને જનરલ
એજન્સિ કંપની "લિમિટેડ" ના પ્રેસમાં,
રણછોડલાલ ગંગારામે છાપી.

પ્રસ્તાવના.

પાટણ શાળા નં. ૩ માં મારે સદર ભૂગોળ શીખવવાનો પ્રસંગ આવેલો, તેથી ઘર આગળથી તૈયારીઓ કરી લાવવી પડતી હતી. મારી કરેલી મહેનતનો લાભ અન્ય શિક્ષક બન્ધુઓને, અને વિદ્યાર્થી વર્ગને મળે એ આ નાનકડા પુસ્તકનો હેતુ છે. તેથી આ નાનકડા પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર નથી જોકે પુસ્તકજ પ્રસ્તાવના રૂપે છે. હમેશાં ભૂગોળનું જ્ઞાન આપવું એટલે ચોપડી માંહેના ગામો ગોખાવી જવાથી ભૂગોળનું જ્ઞાન આપ્યું કહેવાય નહિ. પણ દેશમાં કયા કયા ગામે શાનો વેપાર ચાલે છે; અગર કયા દેશમાં કયી ભાષાઓ બોલાય છે, તે વગેરેની માહિતિ મુકાબલા સાથે આપવાથી નાના વયના વિદ્યાર્થીઓને રમુજ સાથે દેશનું જ્ઞાન થાય છે. અને તેથી પોતાની જીંદગીમાં પોતે જે લાઇનમાં ઉતરે તે લાઇનમાં ભૂગોળના જ્ઞાનથી તે સારો ફાયદો કરી શકે છે. ભૂગોળ માત્ર પરીક્ષા પુરતી શીખવવી તે ઉદ્દેશ કેળવણીનો નથી. પણ આપણા રાજકર્ત્તા, દેશનાં મોટાં સ્થળો, ત્યાંના વેપાર, ભાષા અને રીતભાત જાણી તે જીંદગીનો સાથી બને તેવું જ્ઞાન આપવાની ખાસ જરૂર છે.

તો તે પ્રમાણે આ નાનકડા પુસ્તકમાં વેપાર, ભાષા, મુખ્ય સ્થળો, જાત્રાનાં સ્થળો અને રાજ્ય બાબતનું વર્ણન આપ્યું છે. તેથી જો આમાંથી શિક્ષક સારી રીતે શિક્ષણ આપે તો મારા અનુભવ પ્રમાણે વિદ્યાર્થીને જીંદગીમાં તેમના સાથી તરીકેની ગરજ સારે.

આ પુસ્તકમાં મે. પાટણ૦ સ૦ ગુ૦ શાળા નં૦ ૩ ના હેડમાસ્તર સાહેબ દ્વારકાદાસ અનોપરામે ઘણીજ સારી મદદ કરી છે; તે બાબત તેઓ સા૦ નો આભાર માનું છું.

હમેશાં દરેક માણસની ભૂલ થતી આવી છે. તો તે પ્રમાણે આ પુસ્તકમાં કાંઈ ભૂલચૂક માલુમ પડે તો તે બાબત જે જે સદ્‌ગૃહસ્થો સુચના કરશે તેમનો ઉપકાર માની બીજી આવૃત્તિમાં યોગ લાગે ફેરફાર કરીશ.

કાળીદાસ લલ્લુભાઈ બ્રહ્મભટ્ટ.

ઠે. ભંડારીપાડો મુ: પાટણ.

અનુક્રમણિકા.

ભાગ ૧ લો.

ભાગ ૨ જો.

હિંદુસ્તાનની સંક્ષિપ્ત ભૂગોળ.

ભાગ ૧ લો.

મુંબાઈ ઈલાકો.

ગુજરાતી ધોરણ ૩ માટે

પ્રકરણ ૧ લું.

ભૂગોળમાં આવેલા શબ્દોનું વિવેચન.

ઘણા દેશોવાળા જમીનના મોટા ભાગને ખંડ કહે છે.

ખારા પાણીના મોટા ભાગને **મહાસાગર** કહે છે.

જે જમીનનો ભાગ ચોતરફ પાણીથી વિંટળાએલો હોય તેને બેટ અગર દ્વીપ કહે છે.

જે પાણીનો ભાગ ચારે બાજુએ જમીનથી વિંટળાએલો હોય તેને **સરોવર** કહે છે,

ત્રણ બાજુએ પાણીથી વિંટળાએલા અને એક બાજુએ જમીનથી જોડાએલા ભાગને દ્વીપકલ્પ કહે છે.

જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશિર કહે છે.

દરિયાનો ફાંટો લાંબો થઇને જમીન ઉપર ગએલો હોય તેને **અખાત** કહે છે.

પહોળા મહોડાના અખાતને ઉપસાગર કહે છે.

જમીનના બે મોટા ભાગને સાંધનારા જમીનના સાંકડા ભાગને સંયોગીભૂમિ કહે છે.

પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને **સામુદ્રધુનિ** કહે છે.

જમીનના સપાટ વિસ્તારેલા ભાગને **મેદાન** કહે છે.

બે નદીઓ જે ઠેકાણે એકઠી મળે છે તેને **સંગમ** કહે છે.

નદી જે ઠેકાણે સમુદ્ર અગર તળાવને મળતી હોય તેને **મુખ** કહે છે.

નદીને નીકળવાની જગ્યાને **મૂળ** કહે છે.

નદીનું પહોળું મુખ હોય કે જેમાં સમુદ્રને મળતાં પહેલાં દરિયાની ભરતીનું પાણી આવે તેવા મુખને **ખાડી** કહે છે.

જે સ્થળ દરિયા અગર નદી કિનારે હોય અને આગબોટો તથા વહાણો આવજા કરતાં હોય તેથી વેપાર ચાલતો હોય તેવા સ્થળને **બંદર** કહે છે.

જે નીચો પ્રદેશ ડુંગરો કે પર્વતો વચ્ચે આવેલો હોય તેને **ખીણ** કહે છે.

પ્રકરણ ૨ જું.

મુંબાઈ ઈલાકો.

હિંદ દ્વીપકલ્પની પશ્ચિમ બાજુએ મુંબાઈ ઈલાકાનો સાંકડો પ્રદેશ છે.

સીમા.

ઉત્તરે—પંજાબ પ્રાંત.

ઈશાનમાં—રજપુત સંસ્થાન.

પૂર્વમાં—મધ્યહિંદ એજન્સિનાં સંસ્થાન અને મધ્યપ્રાંત

અગ્નિકોણમાં—વરાડપ્રાંત સાથે હૈદ્રાબાદ સંસ્થાન.

દક્ષિણમાં—મદ્રાસ ઈલાકો તથા મહૈસુરપ્રાંત.

પશ્ચિમમાં—અરબી સમુદ્ર.

વાવ્યકોણમાં—બલુચિસ્તાન.

પર્વતો.

પશ્ચિમ ઘાટકે સંહ્યાદ્રિ—દક્ષિણમાં.

સાતપૂડા—નર્મદા અને તાપીની વચ્ચે.

પાવાગઢ—પંચમહાલમાં.

આરાસુર—મહીકાંઠા એજન્સિમાં.

આબુ—પાલનપુર એજન્સિમાં.

ગિરનાર—કાઠીઆવાડ એજન્સિમાં.

શેત્રુંજો—કાઠીઆવાડ એજન્સિમાં.

મધ્યહાર—કચ્છ દેશમાં

દ્વીપ.

બેટ શંખોદ્ધાર—દ્વારકા પાસે.

દીવ—કાઠીઆવાડની દક્ષિણે.

મુંબાઈ—થાણા જીલ્લામાં.

દ્વીપકલ્પ

કાઠીઆવાડ—ગુજરાતની પશ્ચિમે.

કચ્છ—કાઠીઆવાડની ઉત્તરે.

અખાત.

કચ્છનો અખાત—કચ્છ અને કાઠીઆવાડની વચ્ચે.

ખંભાતનો અખાત—કાઠીઆવાડ અને ગુજરાતની વચ્ચે.

ખાડી.

કોરી—સિંધની દક્ષિણે.

ભૂશિરો.

કેપમનારા—સિંધમાં.

જગત ભૂશિર—દ્વારકા પાસે.

દીવહેડ—કાઠીઆવાડની દક્ષિણે.

નદીઓ.

સિંધુ—હિમાલય પર્વતમાંથી નીકળી અરબી **સમુદ્રને** મળે છે.

સરસ્વતી અને બનાસ—શિરોઈના ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં સમાય છે.

સાબરમતી—મેવાડના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

મહી—માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

નર્મદા--અમરકંટકના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે **અને તાપી**—સાતપૂડાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

ગોદાવરી—સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે.

ભીમા—સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી કૃષ્ણાને મળે છે.

નીરા—સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી ભીમાને મળે છે.

કૃષ્ણા—સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે.

હવા ખાવાનાં ઠેકાણાં.

આબુ, માથેરાન, લાનોલી, મહાબળેશ્વર અને ડુમસ.

જાત્રાનાં ઠેકાણાં.

અંબાજી, બહુચરાજી, સિદ્ધપુર, શામળાજી, ખેડબ્રહ્મા રેવાજી (ચાણોદ), ડાકોર, સોમનાથ, દ્વારકાં, નાશિક, ત્રંબક, પંઢરપુર, વડતાલ અને ગઢડા.

જૈનોનાં—ગિરનાર અને પાલીતાણા.

પારસીનાં—ઉદવાડા.

લશ્કરી છાવણી.

પુના, મુંબાઇ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભૂજ અને ડીસા.

મુંબાઈ ઇલાકાના પાંચ જુદા જુદા સમૂહ થઇ શકે છે.

(૧) સિંધ (૨) કચ્છ (૩) ગુજરાત (૪) મહારાષ્ટ (૫) ઉત્તરકાનડા.

પ્રકરણ ૩ જું.

સિંધ દેશ.

આ દેશનો મધ્યનો મૂલક સપાટ છે; અને સિંધુ નદીના કાંઠાપર આવેલો મૂલક રસાળ છે. અહીં વરસાદ ઘણોજ થોડો આવે છે. પણ માર્ચથી સપ્ટેમ્બર માસ સુધીમાં હિમાલય પર્વતનો બરફ પીગળવાથી સિંધુ નદીમાં રેલ આવે છે. અને આજુબાજુના બધા મૂલકમાં પાણી ફરી વળે છે. વળી તેમાંથી નહેરો ખોદેલી છે, તેથી ખેતીના કામમાં પાણી પૂરૂં પડી શકે છે.

સિંધ દેશના બે ભાગ છે.

(૧) અંગ્રેજ સરકારનો મૂલક (૨) દેશી રાજાના મૂલક

(૧) અંગ્રેજ સરકારનો મૂલક.

(૧) સિંધનો ઉપલો મૂલક-મુખ્ય શહેર જેકબાબાદ છે.

(૨) શિકારપુર જીલ્લો- „ શિકારપુર એ વેપારનું સ્થળ છે.

સક્કર-એ સિંધુ નદીના કાંઠે બુલન ઘાટના વેપારનું સ્થળ છે.

લાર્ખાના અને રોહરી-એ મોટા કસબા છે.

(૩) હૈદ્રાબાદ-મુખ્ય શહેર હૈદ્રાબાદ એ કારીગરી માટે પ્રખ્યાત છે.

અહીં શેતરજીઓ સારી બને છે.

(૪) કરાંચી-મુખ્ય શહેર કરાંચી એ પ્રખ્યાત બંદર છે. અહીંથી પરદેશ ખાતે ઘણો માલ ચઢે છે. એમાં કોલેજ અને સરકારી હાઈસ્કૂલ છે.

કોટ્રી અને ઠઠ્ઠા એ મુખ્ય સ્થળ છે.

(૫) થરપારકર-મુખ્ય શહેર ઉમરકોટ અહીં ધાબળી અને ચામડાની વસ્તુઓ સારી બને છે.

(૨) દેશી રાજાઓનો મૂલક.

(૧) ખૈરપુર-મુખ્ય શહેર ખૈરપુર છે. તે મીરઅલી મુરાદના તાબામાં છે.

સિંધ દેશમાં સિંધી અને બલુચી ભાષા બોલાય છે.

અધિકારી-કમિશનર રહે છે.

પ્રકરણ ૪ થું.

કચ્છદેશ.

આ દેશ કાઠીઆવાડની ઉત્તરે છે. એની ઉત્તરે અને પૂર્વે રણ છે. તે રણ જ્યારે ચોમાસામાં પાણીથી ભરપુર હોય છે; ત્યારે આ દેશ બેટ જેવો માલુમ પડે છે. આ દેશનાં સોળ પ્રગણાં કરેલાં છે.

મુખ્ય શહેર–ભૂજ એમાં જોવા લાયક ઈમારતો છે. અને રેશમી કાપડ વણવાનાં કારખાનાં છે. અહીંનું કસબી અને હીરનું ભરત કામ વખણાય છે.

માંડવી–એ બંદર અને મોટા વેપારનું મથક છે. અહીં એક દીવા દાંડી છે.

ગુંદરા, જખૌ, તુણા અને લખપત એ ચાર મોટાં બંદરો છે.

સુમરીરોહા, ભદ્રેશર, કેરા અને કંથકોટ એમાં જૈન ધર્મનાં પ્રાચીન દેવળો છે.

આ દેશનાં ઘોડા, ગાયો, બળદ અને ઉંટ સારાં થાય છે.
સરોવર–રણ.

પ્રકરણ. ૫ મું.

ગુજરાત

આ દેશ મુંબઈ ઈલાકામાં સૌથી મોટો અને રસાળ મૂલક છે. ગુજરાતનો કેટલોક મૂલક અંગ્રેજ સરકારના તાબામાં છે.

આ ઉપરથી તેના બે ભાગ છે.

(૧) અંગ્રેજ સરકારનો મૂલક. (૨) દેશી રાજાનો મુલક.

(૧) અંગ્રેજ સરકારનો મૂલક.

(૧) અમદાવાદ જીલ્લો
(૨) પંચમહાલ જીલ્લો
(૩) ખેડા જીલ્લો
(૪) ભરૂચ જીલ્લો
(૫) સુરત જીલ્લો

૧ અમદાવાદ જીલ્લો.

આ જીલ્લો ગુજરાતની ઉત્તરમાં આવેલો છે. આ જીલ્લો રસાળ તેમજ ઉદ્યમને માટે પ્રખ્યાત છે. આ જીલ્લામાં સાત મહાલ છે.

(૧) પ્રાંતીજ (૨) ધોળકા (૩) વીરમગામ (૪) અમદાવાદ (૫) ધંધુકા (૬) સાણંદ (૭) ધોઘા.

૧ પ્રાંતીજ.

મુખ્ય શહેર—પ્રાંતીજ-અહીં સાબુ સારા થાય છે.

ધનસુરા અને ચોઇલા એ મોટાં ગામો છે.

મોડાસા એ પેટા મહાલ છે એમાં ડુંગરો ઘણા છે.

૨ ધોળકા.

મુખ્ય શહેર—ધોળકા.

ચંડીસર—ભાદરવા સુદ ૧૧ ચંડીનાથ મહાદેવનો મેળો ભરાય છે.

વૌઠા—કાર્તકી પુનમે મેળો ભરાય છે.

ચલોડા—એ મોટું ગામ છે.

તળાવ—નળ-એમાં ખારૂં પાણી છે.

૩ વીરમગામ.

મુખ્ય શહેર—વીરમગામ-અહીં રૂના ડગલા, પંખા અને સૂજની સારા થાય છે. અહીં સુતર કાંતવાના તથા વણવાનાં કારખાનાં છે.

અહીં મુનસર નામે તળાવ જોવા લાયક છે, તે પાટણના સિદ્ધરાજ જયસિંહનું બંધાવેલું છે.

ખારાઘોડા—એમાં વરાગડું ગીહું પાકે છે.

દેત્રોજ અને સીતાપુર એ મોટાં ગામ છે.

૪ અમદાવાદ.

આ તાલુકો ૧૦ ગાઉની ફરતી સરહદમાં બાંધેલો હોવાથી તેને દશક્રોઇ તાલુકો કહે છે.

મુખ્ય શહેર—અમદાવાદ-તે સુતરાઉ, રેશમી તથા કસબી વણાટને માટે પ્રખ્યાત છે. આ શહેરમાં જોવા લાયક ઈમારતો ઘણી છે. તેમાંની નીચે પ્રમાણે.

કાંકરીયું તળાવ, દાદાહરીની વાવ, શાહઆલમનો રોજો, વટવાનો રોજો, શાહીબાગ, હઠીસંગનાં દેવળો વગેરે.

અહીં વેપાર સારો ચાલે છે.

નરોડા, જેતલપુર, વટવા અને કુડા મોટાં ગામો છે.

૫ ધંધુકા.

મુખ્ય શહેર—ધંધુકા.

ધોળેરા—એ બંદર છે. અહીંથી પહેલાં રૂના વેપાર માટે માલ ચડતો.

રાણપુર—જુનો પડી ગએલો કિલ્લો છે.

ગાંફ—એ તાલુકદારનું ગામ છે.

વરવાળા—એ મોટું ગામ છે.

નીકલા નદીને કાંઠે બીગનાથ મહાદેવનો શ્રાવણ વદ ०)) મેળો ભરાય છે.

૬ સાણંદ.

મુખ્ય શહેર—સાણંદ.

સર્ખેજ—એમાં રોજો અને તળાવ જોવા લાયક છે.

કોસીંદ્રા—અહીનો ગોળ વખણાય છે.

નિધ્રાડ—અહીં કપાસ લોઢવાનો વરાળયંત્ર છે.

વણઝર—એની પાસે સાબરમતી ઉપર પાણી કાઢવાનો બંબો છે.

મેડાસર—અહીં અંતેશ્વર મહાદેવનો ચૈત્રી પુનમે મેળો ભરાય છે.

૭ ઘોઘા.

મુખ્ય શહેર—ઘોઘા-એ મુખ્ય બંદર છે.

કુમળેજ અને વાળકુંડ—એ મોટા ગામ છે.

આ જીલ્લામાં ગુજરાતી ભાષા બોલાય છે.

પ્રકરણ ૬ ઠું.

ખેડા જીલ્લો.

આ જીલ્લામાં ઝાડો ઘણાં છે. અને અહીં ખેતી સારી થાય છે.

આ જીલ્લાની તમાકુ વખણાય છે, આ જીલ્લાના સાત તાલુકા છે.

(૧) કપડવણજ, (૨) ઠાસરા, (૩) નડીઆદ, (૪) મહેમદાવાદ, (૫) માતર, (૬) આણંદ, (૭) બોરસદ.

૧ કપડવણજ.

મુખ્ય શહેર—કપડવણજ—અહીં સાબુ તથા કાચ બનાવવાનાં કારખાનાં છે.

લસુંદ્રા—એમાં ઉનાપાણીના કુંડ છે.

કઠલાલ, આત્રોલી અને તોરણા મોટાં ગામ છે.

૨ ઠાસરા.

મુખ્ય શહેર—ઠાસરા

ડાકોર—એ પ્રસિદ્ધ જાત્રાનું ધામ છે. તેમાં રણછોડજીનું મોટું મંદીર છે. અહીં દર પુનમે લોકો દર્શન કરવા આવે છે.

અષાડ સુદ ૨ મોટો રથ યાત્રાનો મેળો ભરાય છે. તેમજ આસો સુદ ૧૫ પણ મોટો મેળો ભરાય છે. અહીં ગોમતી નામે તળાવ છે.

પાલી અને જનોડ મોટાં ગામો છે.

૩ નડીઆદ.

મુખ્ય શહેર—નડીઆદ.

વડતાલ—એમાં સ્વામી નારાયણનું મોટું દેવળ છે.

મહુધા—એ જુનું રાજધાનીનું શહેર છે.

મોહેલેલ, ઉત્તરસંડા અને ચકલાસી એ મોટાં ગામ છે.

૪ મહેમદાવાદ.

મુખ્ય શહેર—ખેડા—એને ફરતો કોટ છે. અને અહીંથી મહેમદાવાદ સુધી રસ્તો બાંધેલો છે.

મહેમદાવાદ—આ શહેર મહમદ બેગડાએ વસાવેલું છે. તેની પાસે ભમરીઓ કુવો છે તે જોવા લાયક છે. અહીં પહેલાં રસ્તો વખાણવા લાયક બનતો હતો.

સિહુજ, કનીજ, રૂદ્રાણી અને સરસવણી એ મોટાં ગામો છે.

૫ માતર.

મુખ્ય શહેર—માતર.

લીંબાસી અને ત્રાજ મોટાં ગામ છે.

૬ આણંદ.

મુખ્ય શહેર—આણંદ.

ઉમરેઠ—એ મોટું શહેર છે.

વાસદ—તેની પાસે મહી નદી ઉપર પૂલ છે.

ચિખોદ્રા અને સંદલપુર એ મોટાં ગામ છે.

૭ બોરસદ.

મુખ્ય શહેર—બોરસદ.

પ્રકરણ ૭ મું.

પંચમહાલ જીલ્લો.

પંચમહાલ જીલ્લો ખેડા જીલ્લાની પૂર્વમાં છે. બારીઆના રાજ્યને લીધે આ જીલ્લાના બે ભાગ પાડી જાય છે. તેથી તેના બે ભાગ કરેલા છે.

ગોધરા.

મુખ્ય શહેર—ગોધરા અને સહેરો.

દાહોદ.

મુખ્ય શહેર—દાહોદ અને ઝાલોદ.

આ જીલ્લાગાં હાલ કલેક્ટર સાહેબ રહે છે. તે ગવર્નર તરફનો પંચમહાલ અને રેવા કાંઠાનો એજંટ છે.

ભરૂચ જીલ્લો.

આ જીલ્લો રસાળ છે. એ ખેડા જીલ્લાની દક્ષિણમાં આવેલો છે. આ જીલ્લાના પાંચ તાલુકા છે.

(૧) ભરૂચ, (૨) અંકલેશ્વર, (૩) વાગરા, (૪) આમોદ, (૫) જાંબુસર.

૧ ભરૂચ.

મુખ્ય શહેર—ભરૂચ.

શુકલતીર્થ—એમાં દર વર્ષે જાત્રા ભરાય છે.

અમલેશ્વર અને ટંકારીઆ મોટાં ગામ છે.

૨ અંકલેશ્વર.

મુખ્ય શહેર—અંકલેશ્વર.

૩ વાગરા.

મુખ્ય શહેર—વાગરા.

દહેજબારા નામે મોટો કસબો છે.

ગંધાર અને લખીગામ એ મોટાં ગામ છે.

૪ આમોદ.

મુખ્ય શાહેર—આમોદ.

કેરવાડા અને રોજા ટંકારીઆ મોટાં ગામ છે.

૫ જંબુસર.

મુખ્ય શાહેર—જંબુસર.

ટંકારીઆ અને દેગામ એ બંદરો છે ત્યાં વેપાર ઠીક ચાલે છે.

પ્રકરણ ૮ મું.

સુરત જીલ્લો.

આ જીલ્લો ભરૂચ જીલ્લાની દક્ષિણમાં આવેલો છે.

આ જીલ્લામાં વેપાર સારો ચાલે છે. તેના આઠ તાલુકા છે. (૧) પારડી, (૨) વલસાડ, (૩) ચીકલી, (૪) જલાલપોર, (૫) બારડોલી, (૬) માંડવી, (૭) ચોર્યાશી, (૮) ઓરપાડ.

૧ પારડી.

મુખ્ય શાહેર—બાલદાપારડી અને બગવાડા.

કુંતા—અહીં દરવર્ષે કુંતેશ્વર મહાદેવનો મેળો ભરાય છે. આ મેળો ત્રણ માસ રહે છે. અને તેથી વેપાર સારો ચાલે છે.

ઉદવાડા—એમાં પારસીની જુની અગીઆરી છે. એટલે અગ્નિનું દેવળ છે. તેથી અહીં આતસની જાત્રા કરવા પારસીઓ આવે છે.

કોલક અને ઉમરખાડી બંદરો છે,

૨ વલસાડ.

મુખ્ય શહેર—વલસાડ.

છરવાડા—એમાં મીઠું પાકે છે. તેથી એક સરકારી કારકુન રહે છે.

કોસંબા અને હરીઆ એ મોટાં ગામો છે.

પાર નદી ઉપર પારનેરાનો કિલ્લો છે. તે ગાયકવાડ સરકારે બંધાવેલો છે.

ખાડી—પારની.

૩ ચીકલી.

મુખ્ય શહેર—ચીકલી.

દેગામ અને અલીપોર મોટાં ગામ છે.

૪ જલાલપોર.

મુખ્ય શહેર—જલાલપોર.

અમલસાડ, મટવાડ અને કછોલી એ મોટાં ગામ છે.

૫ બારડોલી.

મુખ્ય શહેર—બારડોલી-એ ગાયકવાડ સરકારના બળેશ્વર પ્રગણાની હદમાં છે.

કડોદ, વાંકાનેર, સરભોણુ અને કસવાવ મોટાં ગામ છે.

૬ માંડવી.

મુખ્ય શહેર—માંડવી-આમાં પહેલા ભીલ રાજા રહેતા હતા. પછી ઉદેપુરના રાણાના કુળનો અમલ હતો. પણ કેટલાક વર્ષ પછી અંગ્રેજ સરકારે આ તાલુકો ખાલસા કર્યો છે.

બહુધાન—એમાં બાર બાર વર્ષે જાત્રા ભરાય છે.

પાતલ, દેવગઢ, ધંટોલી અને તાડકેશ્વર એ મોટાં ગામ છે.

૭ ચોર્યાશી તાલુકો.

એનું નામ સુરત તાલુકો પણ છે. એમાં ચોરાશી ગામ હોવાથી તેનું નામ ચોર્યાશી તાલુકો પડ્યું છે.

મુખ્ય શહેર—સુરત–એમાં રૂના સંચા, છાપખાનાં અને લાયબ્રેરીઓ છે, આ શહેર પ્રથમ મુંબાઇ ઈલાકામાં મોટું બંદર હતું; અને ત્યાં વેપાર પુષ્કળ ચાલતો હતો. પણ વેપારનું મથક મુંબાઇ થવાથી આ શહેરના વેપારને ધક્કો પહોચ્યો છે. તાપી નદી ઉપર મજબુત કિલ્લો છે. વળી તાપી નદી ઉપર એક પૂલ બાંધેલો છે, તેને હોપ પૂલ કહે છે.

રાંદેર એક કસ્બો છે.

કતારગામ, બાઠા, કુંભારીઆ અને ઉમરા મોટાં ગામ છે.

૮ ઓરપાડ.

મુખ્ય શહેર—ઓરપાડ.

સરસની પાસે સિદ્ધનાથ મહાદેવનો દરવર્ષે મેળો ભરાય છે.

મોરા—ગામે કુવાનો મેળો ભરાય છે.

કડસદ, અમરોલી, કોસંબા અને વરાછા મોટાં ગામ છે.

પ્રકરણ ૯ મું.

દેશી રાજાનો મૂલક.

તેના આઠ ભાગ કરેલા છે.

(૧) ગાયકવાડનો મૂલક (૩) મહીકાંઠા એજન્સિ

(૩) કાઠીઆવાડ એજન્સિ (૪) પંચમહાલ એજન્સિ
(૫) પાલનપુર એજન્સિ (૬) રેવાકાંઠા એજન્સિ
(૭) સુરત એજન્સિ (૮) ખંભાત સંસ્થાન

૧ ગાયકવાડનો મૂલક.

આ રાજ્યનો મૂલક એકજગ્યે આવેલો નથી. પણ તે જુદા જુદા ભાગોમાં છે.

ઉત્તરમાં—કડી પ્રાંત.

મુખ્ય શહેર—પાટણ—એમાં સુડીઓ, પાટણના ઓતીયા કુંભારના વંશજોના બનાવેલાં માટીનાં વાસણ, કંકુ પટોળાં વગેરે સારાં બને છે.

સિદ્ધપુર—જાત્રાનું ધામ છે.

વડનગર, કડી, કલોલ એ મોટા કસ્બા છે.

મધ્યમાં—વડોદરા પ્રાંત.

મુખ્ય શહેર—વડોદરા—એ ગાયકવાડ મહારાજની રાજધાનીનું શહેર છે. તેમાં આર્ટ કોલેજ, ટ્રેનિંગકોલેજ હાઇસ્કૂલ વગેરે છે.

અહીં એજંટ ટુ ધી ગવરનર જનરલ રહે છે.

ડભોઈ—અહીંનો કિલ્લો જોવા લાયક છે.

સોજીત્રા, પેટલાદ વગેરે મોટા કસ્બા છે.

દક્ષિણમાં—નવસારી પ્રાંત.

મુખ્ય શહેર—નવસારી અને ગણદેવી.

સોનગઢ—એમાં મજબૂત કિલ્લો છે.

વ્યારા અહીં ઘાણુકા વરતીગૃહ શાળા છે.

પશ્ચિમમાં—અમરેલી પ્રાંત.

મુખ્ય શહેર—દ્વારકાં—એ પ્રસિદ્ધ જાત્રાનું ધામ છે.

અમરેલી, ધારી અને દામનગર વગેરે મોટાં ગામ છે.

આ રાજ્યમાં ફરજીઆત કેળવણી મફત આપવામાં આવે છે. તેથી રૈયતને ઘણોજ ફાયદો થયો છે.

ગાયકવાડ મહારાજનો કેટલોક મૂલક ખાનદેશમાં છે. તેનું મુખ્ય શહેર—વાજપૂર છે.

પ્રકરણ ૧૦ મું.

કાઠિઆવાડ એજન્સિ.

એ ગુજરાતની પશ્ચિમમાં આવેલી છે. એને કેટલાક સૌરાષ્ટ્ર પણ કહે છે. આ એજન્સિમાં એજંટ ટુ ધી ગવરનર જનરલ રહે છે. અને એક લશ્કરી છાવણી છે. આ એજન્સિના ચાર ભાગ કરેલા છે.

ઉત્તરમાં—ઝાલાવાડ. મુખ્ય શહેર વઢવાણ.

પૂર્વમાં—ગોહેલવાડ. „ સોનગઢ.

દક્ષિણમાં—સોરઠ. „ માણેકવાડા અને જેતલસર.

પશ્ચિમમાં—હાલાર. „ રાજકોટ.

ઉપર બતાવેલા ચાર પ્રગણાંમાંથી દશ પ્રગણાં થાય છે.

૧ ઝાલાવાડ-મુખ્યશહેર-ધ્રાંગધ્રું, લીંબડી, વાંકાનેર, થાન, લખતર, ચુડા.

૨ ગોહેલવાડ-મુખ્ય શહેર-ભાવનગર, પાલીતાણા, લાઠી અને વળા.

૩ ઉંડસરવૈયા „ દાઠા ચોક, અને ગઢુલાલ.

૪ બાબરીઆવાડ	,,	જાફ્રાબાદ અને ડેડાંણ.
૫ કાઠીઆવાડ	,,	અમરેલી (ગાયકવાડી) જેતપુર બુલખા અને બગસરા.
૬ સોરઠ	,,	જુનાગઢ, કોડીનાર અને અમરાપુર
૭ બર્ડો	,,	પોરબંદર.
૮ હાલાર	,,	નવાનગર, ગોંડલ, રાજકોટ, ધ્રોળ અને ધ્રાફા.
૯ મચ્છુકાંઠા	,,	મોરબી અને માળીઆ.
૧૦ ઓખામંડળ	,,	દ્વારકા, કચ્છીગઢ, પોશીતરૂં અને ધીણકી.

આ એજન્સિના મહારાજાઓ ગાયકવાડને ખંડણી આપે છે.

મુખ્ય બંદરો—વેરાવળ, માંગરોળ, પોરબંદર, જાફ્રાબાદ, ભાવનગર, મહુવા, જોડીયા, સલાયા દીવ અને નવાનગર.

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકા, પ્રભાસપાટણ, ગિરનાર, પાલીતાણા અને ગઢડા.

પાલનપુર એજન્સિ.

આ એજન્સિમાં પોલિટીકલ એજંટ પાલનપુરમાં રહેછે. અને લશ્કરી છાવણી ડીસામાં છે.

તેના ૧૧ સંસ્થાન છે. તેમાં પાલનપુર અને કાંકરેજ ગાયકવાડ મહારાજને ખંડણી આપે છે.

સંસ્થાનો.

મુસલમાની.

(૧) પાલનપુર—અહીંના રાજકર્ત્તાને દીવાન કહેછે, એને ફરતો કોટ છે.

(૨) રાધનપુર—અહીંના રાજકર્ત્તાને નવાબ કહેછે અને તે બાબી ઓલાદના છે.

રજપુત રાજાનાં.

(૩) વરાહી—એ જાટ રાજાને તાબે છે.

(૪) તેરવાડા—એ બલૂચ ઠાકોરના તાબામાં છે.

(૫) થરાદ—એ ઠાકોરના તાબામાં છે.

(૬) વાવ—એ ઠાકોરના તાબામાં છે.

(૭) સુઇગામ—એ ઠાકોરના તાબામાં છે.

(૮) દેવદર—એ ઠાકોરના તાબામાં છે.

(૯) સાંતલપુર—એ જાડેજા રજપૂતના તાબામાં છે.

કોળીનાં

(૧૦) ભાભર મુખ્યશહેર—ભાભર.

(૧૧) કાંકરેજ મુખ્ય શહેર—કાંકરેજ અહીંના ઠાકોર ગાયકવાડ મહારાજાને રૂ. ૫૦૦૦) ખંડણી આપે છે.

પ્રકરણ ૧૧ મું.

મહીકાંઠા એજન્સિ.

ગુજરાતની ઈશાન કોણમાં આ એજન્સિ આવેલી છે, આ એજન્સિમાં પોલિટીકલ એજંટ સાદરામાં રહે છે. આ એજન્સિના ૭ ભાગ કરેલા છે.

(૧) નાની મારવાડ એમાં બે સંસ્થાન છે.

(૧) ઈડર (૨) દાંતા

ઇડર.

મુખ્ય શહેર—ઈડર—એ રાજધાનીનું શહેર હતું પરંતુ હાલમાં પ્રતાપસિંહ મહારાજાએ અહમદનગરમાં રાજગાદી કરી છે

અહમદનગર—અહીં પથરાની ખાણો છે.

વડાલી અને વાયડ મોટા ગામ છે.

દાંતા

મુખ્ય શહેર—દાંતા—અહીંના રાજકર્ત્તા ઠાકોર કહેવાય છે. અહીં ખાણુમાંથી આરસપથર નીકળે છે. એની પાસે આરાસુરનો પર્વત છે. તે ઉપર અંબાજી માતાનું પ્રસિદ્ધ દેવળ છે. તેથી અહીં મેળો ભરાય છે.

(૨) રેવર મુખ્ય શહેર—માલપુર અને રણાસણ.

૩ સાબરકાંઠા મુખ્યશહેર—માણસા, પેથાપુર અને વરસોડા.

૪ વાત્રક કાંઠા „ આંબલીઆરા, ઘોડાસર, સાઠંબા અને ખડાલ.

૫ બાવીસી „ વાસણા—મહીસા અને ડભોડા.

૬ કટોસણ „ જોટાણા, કટોસણ અને મગુના.

આ એજન્સિમાં શામળાજીનો મેળો નવેમ્બર માસમાં ભરાય છે. ખેડબ્રહ્માનો મેળો ફેબ્રુવારીમાં ભરાય છે.

રેવાકાંઠા એજન્સિ.

આ એજન્સિ ગુજરાતની પૂર્વમાં આવેલી છે.

એના બે ભાગ કરવામાં આવ્યા છે.

(૧) સંખેડામેવાસ.

(૨) પાંડુમેવાસ.

અહીં પંચમહાલનો કલેક્ટર રહે છે.

આ એજન્સિનાં સરવે સંસ્થાનો ગાયકવાડ મહારાજાને અને અંગ્રેજ સરકારને ખંડણી આપે છે. તેનાં છ સંસ્થાનો છે.

(૧) રાજપીંપળા મુખ્યશહેર—નાંદોદ અહીંનો વેપાર સારો ચાલે છે.

(૨) છોટાઉદેપુર ,, છોટાઉદેપુર અહીંના મહારાજાને રાવળ કહે છે,

(૩) સુંથ ,, સુંથ અહીંના રજપુત રાજાને મહારાજા કહે છે.

(૪) બારીઆ ,, બારીઆ અહીંના રજપુત રાજાને મહારાવળ કહે છે.

(૫) લુણાવાડા ,, લુણાવાડા અહીંના રજપુતરાજાને મહારાણા કહે છે.

મુસલમાની સંસ્થાન.

૬ વાડાશિનોર ,, વાડાશિનોર એ નવાબના તાબામાં છે.

પ્રકરણ ૧૨ મુ

પંચમહાલએજન્સિ.

આ એજન્સિ પાવાગઢની નજીક આવેલી છે. અહીં

કોળી અને નાયકા જાતની વસ્તી વધારે છે. અહીંની હવા સારી નથી. પંચમહાલમાં ગવરનરનો એજંટ રહે છે. એમાં એક સંસ્થાન છે. તે ગાયકવાડ સરકારને ખંડણી આપે છે.

પંચમહાલ—મુખ્ય શહેર નારૂકોટ.

સુરત એજન્સિ.

આ એજન્સિ અને સુરત જીલ્લો એક નથી. આ એજન્સિ ગુજરાતની દક્ષિણમાં આવેલી છે. તેના ઉપર સુરતના કલેક્ટર સાહેબ દેખરેખ રાખે છે.

એનાં ત્રણ સંસ્થાન છે.

(૧) **વાંસદા** મુખ્ય શહેર વાંસદા.

(૨) **ધરમપુર** „ ધરમપુર, અછાવણી અને ગોડથળ.

(૩) **સચીણ** „ સચીણ એમાં કિલ્લો અને મેહેલ જોવા લાયક છે.

લાછપુર—એમાં પણ એક મહેલ છે.

જાત્રાનાં ઠેકાણાં—ઉનાઈ—એમાં ઉના પાણીના કુંડ છે.

દેવકી—એ ગામે મેળો ભરાય છે.

ખંભાત સંસ્થાન.

મુખ્યશહેર—ખંભાત-તે મહી નદીના મુખ આગળ ઘણું જુનું શહેર છે. અહીંના રાજકર્ત્તા નવાબ છે. તે જાતે મુગલ છે. અહીં શેતરંજી અને સુતરાઉ કાપડ બને છે.

આ રાજ્યનો વહીવટ ખેડાના કલેક્ટર સાહેબની દેખ-

રેખ નીચે ચાલ છે. અને બોરસદનો મામલતદાર ખંડણી ઉઘરાવે છે.

પ્રકરણ ૧૩ મું.

મહારાષ્ટ્ર.

સંહ્યાદ્રિ પર્વત આવવાથી આ પ્રાંતના બે ભાગ થઇ જાય છે.

(૧) દક્ષિણ (૨) કોંકણ.

૧ દક્ષિણ.

આ પ્રાંતમાં નિયમસર વરસાદ આવતો નથી. તેથી કેટલીક જમીન ખેડયા સિવાયની રહે છે.

એના બે ભાગ છે.

(૧) અંગ્રેજ સરકારનો મૂલક (૨) દેશી રાજાનો મૂલક.

૧ અંગ્રેજ સરકારનો મૂલક.

એના ૭ જીલ્લા છે.

૧ ખાનદેશ જીલ્લો.

મુખ્ય શહેર—ધુળીઆ—પાંજરા નદી ઉપર છે.

માલેગામ અને નંદરબાર એ મોટાં ગામ છે.

નાશિક જીલ્લો.

મુખ્ય શહેર—નાશિક અને ત્રંબક—એ બન્ને ગોદાવરીના કાંઠા ઉપર જાત્રાનાં ઠેકાણાં છે.

અહીં રેશમ વણવાનો ઉદ્યમ ચાલે છે.

પુણા જીલ્લો.

મુખ્ય શહેર—પુના—ચોમાસામાં મુંબાઈના ગવનર અહીં

રહે છે. અહીં લશ્કરી મોટી છાવણી છે.

અહમદનગર જીલ્લો.

મુખ્ય શહેર—અહમદનગર–અહીં મુસલગાની રાજ્યનો કિલ્લો છે અને તે જુની રાજધાનીનું શહેર છે.

સતારા જીલ્લો.

મુખ્ય શહેર—સતારા–અહીં પહેલાં શિવાજીના વંશજો રાજ્ય કરતા હતા.

સોલાપુર જીલ્લો.

મુખ્ય શહેર—સોલાપુર–તેનો વેપાર હૈદ્રાબાદ સાથે ચાલેછે.

પંઢરપુર—અહીં વિઠ્ઠલનાથજીનું દહેરૂં છે તેથી આ જાત્રાનું ધામ ગણાય છે.

(૨) દેશીરાજાનો મૂલક.

ખાનદેશ એજન્સિ.

મુખ્ય શહેર—ડાંગ–એમાં વેપાર ગુજરાત સાથે ચાલે છે. સળગણુ એ મેવાસી પ્રગણું છે.

પેંઠ સંસ્થાન.

મુખ્ય શહેર—પેંઠ–એ મુસલમાન બેગમના તાબામાં છે. અહીં નાશકના કલેકટર સાહેબ દેખરેખ રાખે છે.

અકલકોટ સંસ્થાન.

મુખ્ય શહેર—અકલકોટ–પહેલાં આ રાજ્યના ઉપરી સતારાના રાજા હતા. પરંતુ હાલમાં અંગ્રેજ સરકારના તાબામાં છે ત્યાંના રાજા ભોંસલે કુટુંબના છે.

સતારા જાગીર.

મુખ્ય શહેર—ભોર, ફલટણ, ઔંદ અને જત.

જતમાં—સુરોખાર અને લોઢું જડે છે. અહીં ગાળ-વાની કુલી બનાવવાની માટી છે.

આ જાગીરમાં પંતસચીવ અને પંચપ્રતિનીધી બ્રાહ્મણ છે. અને બીજા બે મરાઠા છે.

કોંકણ.

આ પ્રાંત સંહ્યાદ્રિ અને દરિઆની વચ્ચેનો સાંકડો મૂલક છે. અહીંની જમીન ખડબચડી અને વિકટ છે. તેથી તે ભેજવાળી રહે છે. અને તેના ઉપર ઝાડો ઉગે છે. એના બે ભાગ થાય છે.

(૧) અંગ્રેજ સરકારનો મૂલક (૨) દેશી રાજાનો મૂલક

(૧) અંગ્રેજ સરકારનો મૂલક,

થાણા જીલ્લો.

મુખ્ય શહેર—થાણા અને કલ્યાણ.

વાંસદા આગળ પૂલ બાંધેલો છે તેથી સાષ્ટી અને મું-બાઈ બેટ જોડાય છે.

કોલાબા જીલ્લો.

મુખ્ય શહેર—અલીબાગ.

ચૌલ—એમાં રેશમ વણવાનો ધંધો ચાલે છે.

રત્નાગીરી જીલ્લો.

મુખ્ય શહેર—રત્નાગીરી.

વિંગોરલા બંદર છે.

દેશીરાજાનો મુલક.

જવાર સંસ્થાન.

મુખ્ય શહેર—જવાર.

જંજીરા સંસ્થાન.

મુખ્ય શહેર—જંજીરા-અહીંનો નવાબ હબશી દેશનો સીધી છે. અહીં આસિસ્ટંટ પોલિટીકલ એજંટ રહે છે.

જાફ્રાબાદ—બંદર કાઠીયાવાડમાં છે.

સાવંતવાડી સંસ્થાન.

મુખ્ય શહેર—સાવંતવાડી-અહીંના રાજા ભોંસલે કુળના છે. અહીં પોલિટીકલ એજંટ રહે છે.

પ્રકરણ ૧૪ મું.

ઉત્તરકાનડા.

અહીં વિસ્તીર્ણ મેદાનો છે અને જમીન કાળી છે. તેથી રૂ સારૂં પાકે છે. એના બે ભાગ થાય છે.

(૧) અંગ્રેજ સરકારનો મૂલક. (૨) દેશી રાજાનો મૂલક.

અંગ્રેજ સરકારનો મૂલક.

વિજાપુર જીલ્લો.

મુખ્ય શહેર—વિજાપુર-પહેલાં મુસલમાની રાજ્યની રાજધાની હતી. આ શહેર ઔરંગજેબ પાદશાહે તોડી પાડ્યું હતું. એને ફરતો કોટ છે. આમાં કેટલાંક જૂનાં મકાનો જોવાલાયક છે.

બાગલકોટ—એ વેપારનું મથક છે.

બેલગામ જીલ્લો.

મુખ્ય શહેર—બેલગામ-અહીં કાપડ અને રેશમનો વેપાર સારો ચાલે છે.

ધારવાડ જીલ્લો.

મુખ્ય શહેર—ધારવાડ.

હુબલી—સુતરાઉ અને ઉનના કાપડ માટે પ્રખ્યાત છે.

ઉત્તર કાનડા જીલ્લો.

મુખ્ય શહેર—કારવાડ—એ મુંબાઈ અને કરાંચીના જેવું મોટું બંદર છે.

કુમટા અને હાનોવર બંદરો છે.

દેશી રાજાનો મૂલક.

કોલાપુર એજન્સિ.

મુખ્ય શહેર—કોલાપુર અહીં માટીનાં વાસણ અને લુહારકામ સારૂં થાય છે.

અહીંના મહારાજાના તાબાના મુખ્ય સરદારો.

વિશાળ ગઢનો સરદાર.

કાગળનો સરદાર.

બાવડાનો સરદાર.

ઈચલકરંજીનો સરદાર.

દક્ષિણ મરાઠા જાગીર.

અહીં અંગ્રેજ સરકાર તરફથી કોલાપુરનો પોલિટીકલ એજંટ કામ ચલાવે છે. આમાં છ જાગીરો છે.

સાંગલી—અહીં પટવર્ધનના વંશનો બ્રાહ્મણ સરદાર છે.

જમખંડી „
મિરજ „
કુરંદવાડ „
મુધોળ—અહીં ભોંસલે ચોરપુરના વંશનો સરદાર છે.
રામદુર્ગ—અહીં ભોરવંશનો બ્રાહ્મણ સરદાર છે.

સાવનૂર જાગીર.

મુખ્ય શહેર—સાવનૂર—આ જાગીર પઠાણ વંશના નવાબની છે.

અહીં ધારવાડના કલેક્ટર સાહેબ દેખરેખ રાખે છે.

પ્રકરણ ૧૫ મું.

મુંબાઈ ઈલાકાનાં મુખ્ય બંદરો.

કરાંચી, વેરાવળ, ઘોઘા, કારવાડ અને માંડવી.

મુંબાઈ ઇલાકાના પ્રખ્યાત શહેરો.

હૈદરાબાદ—એમાં શેતરંજી સારી બને છે.
ઉમરકોટ—એમાં ધાબળી અને ચામડાની વસ્તુઓ સારી બને છે.
ભુજ—એમાં કસબી અને હીરનું ભરત કામ સારૂં થાય છે.
વીરમગામ—એમાં રૂના ડગલા પંખા અને સૂજની બને છે.
ખારાઘોડા—એમાં વરાગડું મીઠું પાકે છે.
અમદાવાદ—એમાં સુતરાઉ, રેશમી અને કસબી વણાટ સારો થાય છે.
કોસીંદ્રા—એમાં ગોળ સારો થાય છે.

કપડવણજ—એમાં કાચ તથા સાબુ સારો થાય છે.
છરવાડા—એમાં મીઠું પાકે છે.
પાટણ—એમાં સુડીઓ ઓતીયાના માટીનાં વાસણ, કંકુ તથા પટોળાં સારાં થાય છે.
અહમદનગર—એમાં પથરાની ખાણો છે.
દાંતા—એમાં આરસ પથરાની ખાણો છે.
ખંભાત - એમાં શેતરંજી અને સુતરાઉ કાપડ સારૂં થાય છે.
હુબલી—એમાં સુતરાઉ અને ઉનનું કાપડ સારૂં થાય છે.
જત—એમાં સુરો ખાર અને લોઢું જડે છે.

જાત્રાનાં પ્રસિદ્ધ સ્થળ.

ચંડીસર—એમાં ચંડીનાથ મહાદેવનો ભાદરવા સુદ ૧૧ મેળો ભરાય છે.
વૌઠા—એમાં કાર્તકી પુનમે મેળો ભરાય છે.
નીકલા નદીને કાંઠે—ભીમનાથ મહાદેવનો શ્રાવણ વદ ૦)) મેળો ભરાય છે.
મેડાસર—એમાં અંતેશ્વર મહાદેવનો મેળો ભરાય છે.
લસુંદ્રા—એમાં ઉના પાણીના કુંડ છે.
ડાકોર—એમાં રણછોડજીનું મોટું મંદીર છે તેથી અષાડ સુદ ૨ અને આસો સુદ ૧૫ મેળો ભરાય છે.
વડતાલ—એમાં સ્વામીનારાયણનું છે.
શુકલતીર્થ—એમાં દર વર્ષે મેળો ભરાય છે.
કુંતા—એમાં કુંતેશ્વર મહાદેવનો મેળો મરાય છે.
સરસ—એમાં સિદ્ધનાથ મહાદેવનો મેળો ભરાય છે.
મોરા—એમાં કુવાનો મેળો ભરાય છે.

સિદ્ધપુર—એમાં કાર્તકી પુનમે મેળો ભરાય છે. અને માતૃ શ્રાદ્ધ થાય છે.

દ્વારકાં—એમાં રણછોડજીનું મોટું મંદીર છે.

ગઢડા—એમાં સ્વામીનારાયણનું મોટું મંદીર છે.

ગિરનાર અને પાલીતાણા એમાં જૈનોનાં દેવળ છે.

શામળાજીનો મેળો નવેમ્બર માસમાં ભરાય છે.

ખેડબ્રહ્માનો મેળો ફેબ્રુવારી માસમાં ભરાય છે.

ઉનાઈ—એમાં ઉના પાણીના કુંડ છે.

દેવકી—આગળ મેળો ભરાય છે.

નાશિક ત્રંબક એમાં ગોદાવરીનો મેળો ભરાય છે.

પંઢરપુર—એમાં વિઠ્ઠલનાથજીનું મોટું મંદીર છે.

મુંબાઇ ઇલાકાનાં દેશી રાજ્યો.

ગાયકવાડ મહારાજનું રાજ્ય.

પાલનપુરનું રાજ્ય.

રાધનપુર.


મહીકાંઠા.

રેવાકાંઠા.

કોલાપુર.

સાવંતવાડી.

જંજીરા.



હિંદુસ્તાનની સંક્ષિપ્ત ભૂગોળ.

ભાગ ૨ જો.

ગુજરાતી ૪થા ધોરણ માટે.

પ્રકરણ ૧ લું.

એશિયાખંડની દક્ષિણમાં ત્રણ દ્વીપકલ્પ છે, તેમાં સૌથી મોટો દ્વીપકલ્પ હિંદુસ્તાન છે. આખી દુનીઆમાં ચીન સિવાય બીજા બધા દેશો કરતાં હિંદુસ્તાનમાં વધારે વસ્તી છે.

લંબાઈ

ઉત્તરમાં કાસ્મીરથી દક્ષિણમાં કન્યાકુમારીકા સુધી ૧૯૦૦ મૈલ છે.

પહોળાઈ

પશ્ચિમમાં સિંધથી પૂર્વમાં આશામ સુધી ૧૮૦૦ મૈલ છે.

આકાર

હિંદુસ્તાન ત્રિકોણ આકાર છે. અને તે ત્રિકોણનો પાયો હિમાલય પર્વત છે.

સીમા

ઉત્તરે—હિમાલય પર્વત, કારાકોરમ, હિંદુકુશ વગેરે આવેલા છે.

પશ્ચિમે-સુલેમાન, અને હાલા પર્વત અરબી સમુદ્ર.

દક્ષિણે—હિંદી મહાસાગર.

પૂર્વે—બંગાળા અને બંગાળી ઉપસાગર.

પર્વતો

૧ હિમાલય પર્વત—આખી દુનીઆમાં સૌથી ઉંચામાં ઉંચો છે. તેના મુખ્ય શિખરો.

ધવલગીરી, એવેરેસ્ટ કે ગૌરીશંકર, અને કાંચનજંગા

૨ શિવાલીક પહાડો-જમના અને સતલજ નદી ની વચ્ચે.
૩ અરવલી-રજપુતસ્તાનમાં.
વિંધ્યાચળ પર્વત-મધ્યમાં તેનાથી હિંદુસ્તાનના બે ભાગ પડી જાય છે.
૫ સાતપૂડા—નર્મદા અને તાપી ની વચ્ચે.
૬ પશ્ચિમઘાટ ૭ પૂર્વઘાટ ૮ નીલગીરી
૯ પાલની ૧૦ આરાકાન

દ્વીપો

લક્ષદ્વીપ અને માલદ્વીપ-એ હિંદી મહાસાગરમાં આવેલા છે.

સિંહલદ્વીપ કે લંકા-એ હિંદુસ્તાનની દક્ષિણે હિંદીમહાસાગરમાં.

આંદામાન અને નિકોબાર-એ બંગાળી ઉપસાગરમાં.

દ્વીપકલ્પ

કચ્છ-સિંધની દક્ષિણે.

કાઠીઆવાડ-કચ્છની દક્ષિણે.

અખાત

કચ્છનો અખાત-કચ્છ અને કાઠીઆવાડની વચ્ચે.

ખંભાતનો અખાત—કાઠીઆવાડ અને મુંબાઇ ઈલાકાની વચ્ચે.

મનારનો અખાત—લંકા અને હિંદુસ્તાનની વચ્ચે.

ભૂશિરો

કન્યાકુમારિકા—એ હિંદુસ્તાનનું દક્ષિણ બિંદુ છે.

જગત ભૂશિર—એ દ્વારકાની પાસે હિંદુસ્તાનનું પશ્ચિમ બિંદુ છે.

કેપ નિગ્રીસ—એ પૂર્વ બિંદુ છે.
પોઈંટકાલમીર—લંકાની ઉત્તરમાં.

સામુદ્રધુની

પાલ્કની—હિંદુસ્તાનને લંકાની વચ્ચે.

નદીઓ

ઉત્તરમાં—બ્રહ્મપુત્રા કે સાંપુનદ એ બંગાળી ઉપસાગરને મળે છે.

ગંગા એ બંગાળી ઉપસાગરને મળે છે,

જમના, ગોમતી, ગોગરા અને રામગંગા એ ગંગાને મળે છે.

ચંબલ, સિંધ અને બટવા એ જમનાને મળે છે.

સિંધુ—એ અરબી સમુદ્રને મળે છે.

જેલમ, ચીનાબ, રાવી, બીઆસ અને સતલજ એ સિંધુને મળે છે.

દક્ષિણમાં—નર્મદા અને તાપી એ ખંભાતના અખાતને મળે છે.

ગોદાવરી—એ બંગાળી ઉપસાગરને મળે છે.
કૃષ્ણા— „
તુંગભદ્રા— „
પન્નેર—એ બંગાળી ઉપસાગરને મળે છે.
મહા નદી— „
કાવેરી— „

સરોવર

સાંભર—એ ખારા પાણીનું સરોવર રજપુતસ્તાનમાં છે.
વુલર—કાશ્મીરમાં છે.

રાવણહૃદ અને માનસરોવર—સતલજ નદીના મૂળ આગળ છે.

ચિલકા—ઓરિસામાં છે.

કાલેર—ગોદાવરીને કૃષ્ણાની વચ્ચે.

હિંદુસ્તાનમાં હવા ખાવાનાં ઠેકાણાં

મહાબળેશ્વર. ઉટાકામંડ, આબુ, સીમલા, મસુરી, નૈનીતાલ મરી અને દાર્ઝીલીંગ.

હિંદુ ધર્મનાં જાત્રાનાં ઠેકાણાં

કાશી, મથુરાં, ગયા અહીં પિતૃશ્રાદ્ધ થાય છે.

દ્વારકા, નાશિક ત્રંબક, જગન્નાથપુરી, સેતબંધુ રામેશ્વર.

જૈનોનાં—ગિરનાર અને પાલીતાણા.

પારસીનાં—ઉદવાડા.

અંગ્રેજી લશ્કરી છાવણી

પુના, ત્રિચીનોપોલી, બંગલોર, શાવગર, મહુ, નશીરાબાદ, અંબાલા, પેશાવર, મીરત અને નીમીચ.

રાજ્ય રીતિ

સૌથી મોટું અંગ્રેજ સરકારનું રાજ્ય છે. હાલના ના૦ શહેનશાહ સાતમા એડવર્ડ ઇગ્લાંડમાં રહે છે. અને હિંદુસ્તાન ઉપર અમલ ચલાવવા માટે તેમનાવતી વૉઇસરાયકે ગવર્નર જનરલ કલકત્તામાં રહે છે.

તેમનાથી ઉતરતા દરજાના બે ગવર્નરો છે.

(૧) મુંબાઈ ઈલાકામાં.

(૨) મદ્રાસ ઈલાકામાં.

સાહયકારી ગવર્નરો ચાર છે.

(૧) બંગાળા, બિહાર, છોટાનાગપુર અને ઓરિસા.

(૨) આગ્રા, અને સંયુક્તપ્રાંત.
(૩) પંજાબ.
(૪) બરમા.

ચીફ્ કમીશનરો પાંચ છે.

(૧) આશામ.
(૨) મધ્યપ્રાંત.
(૩) અંગ્રેજ સરકારના તાબાના બલુચિસ્તાનમાં.
(૪) નવો સરહદ ઉપરનો પ્રાંત પેશાવર મથક સહીત.
(૫) આંદામાન અને નિકોબાર બેટ ઉપર.

કમીશનરો ત્રણ છે.

૧ વરાડ.
૨ અજમેર.
૩ કુર્ગ.

દેશી રાજ્યો

નિઝામ સરકારનું, ગાયકવાડ મહારાજનું, કોલાપુરનું, સિંધયા સરકારનું, હોલકર સરકારનું, ભોપાળનું વિગેરે

પ્રકરણ ૨ જું.

હિંદુસ્તાનના રાજકીય ભાગો

(૧) મુંબાઈ ઈલાકો.
(૨) મદ્રાસ ઈલાકો.
(૩) મહેસુરપ્રાંત.
(૪) નિઝામનું રાજ્ય.
(૫) મધ્યપ્રાંત.
(૬) સિંધીયા, હોલકર અને ભોપાળનાં સંસ્થાનો.

(૭) રજપુત સંસ્થાન.
(૮) પંજાબપ્રાંત.
(૯) સંયુક્તપ્રાંત.
(૧૦) બંગાળીપ્રાંત.
(૧૧) આશામનો મૂલક.
(૧૨) નેપાળ, ભૂતાન અને બીજાં પહાડી સંસ્થાન.
(૧૩) પોર્ટુગીઝ અને ફ્રેન્ચ લોકોનાં સંસ્થાન.

મુંબઈ ઇલાકો

મુખ્ય શહેર—મુંબાઈ-તે ઘાડી વસ્તી વાળું અને વેપારનું સ્થળ છે.

સુરત—તાપી નદી ઉપર શહેર છે.

પુના—લશ્કરી છાવણી છે.

અમદાવાદ—વેપારનું સ્થળ છે.

વડોદરા—ગાયકવાડ મહારાજની રાજધાનીનું શહેર છે.

મહાબળેશ્વર—હવા ખાવાનું ઠેકાણું છે.

હૈદ્રાબાદ—વેપારનું સ્થળ છે.

કરાંચી—એ બંદર છે.

પ્રકરણ ૩ જું.

મદ્રાસ ઇલાકો

મુખ્ય શહેર—મદ્રાસ-મોટા વેપારનું ગથક અને બંદર છે.

મચ્છલીપટ્ટણ, નેગાપટ્ટણ, અને વિશાગાપટ્ટણ એ બંદરો છે.

તાંજોર—એમાં મિનારા વાળાં દેવળ છે.

કાલીકટ—એ કલીકો માટે પ્રખ્યાત છે. અને આ બંદરે પોર્ટુગાલથી વાસ્કોડી ગામા પહેલવહેલો આવ્યો હતો.

ઉટાકામંડ—એ હવાખાવાનું ઠેકાણું છે.
નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, પન્નેર અને કાવેરી.
દેશી રાજ્યો—ત્રાવણકોર અને કોચીન.
ભાષા—ઓરિસાના કિનારે ઉર્યા.
મદ્રાસ શહેર સુધી તેલંગ.
કન્યાકુમારિકા સુધી તામિલ.
ધારવાડ જીલ્લાની લગોલગ બલ્લારી પ્રાંતમાં કાનડી.

પ્રકરણ ૪ થું.

મહેસુરપ્રાંત

મુખ્ય શહેર—મહેસુર.
શ્રીરંગપટ્ટણ—ટીપુસુલતાનની રાજધાનીનું શહેર હતું.
બંગલોર—અંગ્રેજી લશ્કરી છાવણી છે.
નદીઓ—તુંગ અને ભદ્રા.
ભાષા—કાનડી.

કુર્ગ

મુખ્ય શહેર—મર્કારા.
ભાષા—કાનડી.

નિઝામનું રાજ્ય.

મુખ્ય શહેર—હૈદ્રાબાદ—એ નિઝામ સરકારની રાજધા-
નીનું શહેર છે.
ગોવળકોંડા—મુસલમાની રાજ્યની રાજધાની હતી.
ઇલોરા—પર્વતમાં કોતરી કાઢેલા દેવળો છે.
જાલના—એમાં રેશમી કાપડ સારૂં થાય છે.
ઔરંગાબાદ અને દોલતાબાદ એ મોટાં ગામ છે.

બેદર—એમાં સોના રૂપાની કારીગરીવાળાં પિત્તળનાં
વાસણો સારાં બને છે.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, મંજીરા, પેનગંગા, વરધા
અને તુંગભદ્રા !

ભાષા—ઉત્તરમાં મરાઠી.
પૂર્વ અને દક્ષિણમાં તેલગૂ અને કાનડી.

સરોવર—લુહાર-ખારા પાણીનું છે.

પ્રકરણ ૫ મું.

મધ્ય પ્રાંત.

મુખ્ય શહેર—**નાગપુર**-અહીંના ધોતી જોટા વખણાય છે.

જબલપુર—એ વેપારનું સ્થળ છે.

બરાનપુર—એ ભરત કામને માટે પ્રખ્યાત છે અને
દુપટા સારા થાય છે.

કામ્પટી અને શાવગર લસ્કરી મથક છે.

નદીઓ—નર્મદા, તાપી, વેનગંગા અને વરધા.

ભાષા—વરાડથી નાગપુર સુધી હિંદી.
ચંદા સુધી મરાઠી.
ઈશાન કોણ તરફ ઉર્યા.

સિંધીયા, હોલકર અને ભોપાળનું રાજ્ય.

(૧) સિંધીયાસરકારનું રાજ્ય.

મુખ્ય શહેર—**ગ્વાલીઅર**-એ રાજધાનીનું શહેર છે.
અહીં સુંદર કિલ્લો છે.

મોરાર—એ અંગ્રેજી શહેર છે.

૨ હોલકરનું રાજ્ય.

મુખ્ય શહેર—ઇંદોર-એ રાજધાનીનું શહેર છે.

મહુ—અહીં મુંબાઈના લસ્કરનો થોડોક ભાગ રહે છે.

ઉજ્જન—એ પ્રાચીન માળવાની રાજધાની હતી.

નીમીચ—એમાં અંગ્રેજી લસ્કર રહે છે.

નદીઓ—ચંબલ, સિંધ અને બટવા.

ભોપાળ એ મુસલમાની રાજધાની છે.

રેવા એ દેશી રાજ્યો અને વાઘેલા રજપુત રાજાઓનું સંસ્થાન છે. બટવા નદીની પાસે અર્ચા અથવા તેહરીમાં પન્ના, હીરા અને બીજાં અમૂલ્ય ખનિજો જડે છે.

પ્રકરણ ૬ ઠું.

રજપૂત સંસ્થાન.

આમાં અઢાર સંસ્થાનો છે.

(૧) ઉદેપુર,	(૨) જોધપુર,	(૩) જેપુર,
(૪) બુંદી,	(૫) બિકાનેર,	(૬) કોટા,
(૭) કીરોલી,	(૮) કીશનગઢ,	(૯) જસલમેર
(૧૦) અલવડ,	(૧૧) શિરોહી,	(૧૨) ડુંગરપુર,
(૧૩) ઝાલાવાડ,	(૧૪) પ્રતાપગઢ,	(૧૫) વાંસવાડા.

જાટ સંસ્થાન.

(૧૬) ભરતપુર, (૧૭) ધોળપુર.

મુસલમાની સંસ્થાન.

(૧૮) ટોંક.

મારવાડ અને બિકાનેર—પશુઓ માટે પ્ર...ત છે.

નશીરાબાદ—લશ્કરી છાવણી છે.

શિરોહી—એમાં તલવારનાં પાનાં સારાં થાય છે.

જેપુર—અહીં ચિત્રકળાની કારીગરી સારી થાય છે. અને કોઈપણ ઠેકાણે ધરતીકંપ થાય તે સમજવાનું અહીં યંત્ર છે. અહીઆં બાગ અને સંગ્રહસ્થાન જોવા લાયક છે.

ભાષા—મારવાડી.

નદી—લુણી.

સરોવર—સાંભર-એ ખારા પાણીનું છે.

પ્રકરણ ૭ મું.

પંજ+આબ-પંજ-પંચ અને આબ-પાણી પાંચ નદીનું. પાણી મળવાથી તેનું નામ **પંજાબ** પડયું છે. તેને કોઇ **પંચનાદ** પણ કહે છે.

મુખ્ય શહેર—લાહોર-રાવી નદી ઉપર મોટું શહેર છે.

અમૃતસર અને મુલતાન-એ શીખ લોકોનાં શહેર છે.

જાલંધર, અંબાલા, અને ફીરોજપુર-શીખ લોકોની વસ્તી વધારે છે.

લુદીયાણા—શાલ, મોઝાં, સુતરાઉ તથા ઉનનું ભરત કામ સારૂં થાય છે.

પાણીપત—એ રણક્ષેત્ર છે. અહીં પહેલાં કૌરવ પાંડવનું યુદ્ધ થયું હતું તેથી તેને કુરૂક્ષેત્ર પણ કહે છે.

અંબાલા અને **પેશાવર** લશ્કરી મથક છે.

સીમલા—એ હવા ખાવાનું ઠેકાણું છે. અહીં ચાનું વાવેતર સારૂં થાય છે.

નદીઓ—સિંધુ, જેલમ, ચિનાબ, રાવી, બીઆસ અને સતલજ.

ભાષા—પંજાબી અને હિંદી પરંતુ શહેરમાં ઉર્દુ અને ફારસી બોલાય છે.

દેશી રાજ્યો—કાસ્મીર, ભાવલપુર, અને પતીઆલા.

કાશ્મીર.

મુખ્ય શહેર—શ્રીનગર-એ રાજધાનીનું શહેર છે.

જામૂ—એ દેશના રજપૂત રાજાને મહારાજા કહે છે.

કાશ્મીરની શાલો, ઉનનાં કાપડ, ગુલાબનું અતર, ચામડાની બનાવેલી વસ્તુઓ, લખોટેલાં વાસણ સારાં બને છે. તે સિવાય આ પ્રદેશ ઘણોજ રસાળ છે અને ઠંડી વધારે છે તેને લીધે મેવો ઘણોજ પાકે છે.

ભાવલપુર.

મુખ્ય શહેર—ભાવલપુર-એ રાજધાનીનું શહેર છે ને તે નવાબના તાબામાં છે.

પતીઆલા.

મુખ્ય શહેર—ઝીંદ, નભા, કપરથલા, ફરિદકોટ અને ફલશીઆ એ પાંચ શીખ લોકોનાં સંસ્થાન છે.

ભાષા—અહીં પઠાણ કે પપતૂ ભાષા બોલનારા મુસલમાન રહે છે.

પ્રકરણ ૮ મું.

સંયુક્ત પ્રાંત.

એમાં વાયવ્ય અને અયોધ્યા પ્રાંત આવેલા છે.

મુખ્ય શહેર—દિલ્હી-એ મોગલ રાજધાનીનું જુનું અને મોટું શહેર છે. તેની નજીક કુતુબુદ્દીને બંધાવેલો

કુતુબ મિનારો છે. તે આખી દુનીઆમાં સૌથી ઉંચો મિનારો છે.

મથુરા—એ પવિત્ર જાત્રાનું ધામ છે.

આગ્રા—એમાં તાજમહેલ જોવા લાયક છે.

ઇટાવા, અલહાબાદ અને કાલ્પી એ મોટાં શહેર છે.

કાનપુર—અહીં ચામડાની વસ્તુઓ તથા બાજરો સારો થાય છે. અને અહીં સુતર તથા ઉનના વણાટનાં કારખાનાં છે.

કાશી—એ પવિત્ર ધામ છે. અને અહીં કિનખાપનો વણાટ સારો થાય છે.

મીરત—એ લસ્કરી મથક છે.

મસુરી અને નૈનીતાલ—એ હવા ખાવાનું ઠેકાણું છે.

અયોધ્યા—મુખ્ય શહેર લખનૌ.

ફૈઝાબાદ—એ અયોધ્યાનું જુનું શહેર છે. અહીંની મલમલ સારી થાય છે.

અયોધ્યા—આ શહેરમાં રામચંદ્રજીનો જન્મ થયો હતો.

સીતાપુર અને રાયબરેલી મોટા કસ્બા છે.

નદીઓ—ગંગા, જમના, ગોમતી, રામગંગા, સોન, ગોગરા અને રાપતી.

ભાષા—હિંદી કે ઉર્દુ અને પહાડી.

બંગાળા.

મુખ્ય શહેર—કલકત્તા—એ હુગલી નદી ઉપર હિંદુસ્તાનની રાજધાની અને મોટા વેપારનું મથક છે.

મુર્શીદાબાદ—અહીંનું રેશમી કાપડ, હાથી દાંતનો સામાન અને સોના રૂપાનો ઘાટ સારો થાય છે.

ઢાકા—અહીંની મલમલ, કાપડ અને સાબુ વખણાય છે.

ચિતાગાંગ—એમાં વહાણુ બાંધવાનું અને સુતારનું કામ સારૂં થાય છે.

પટણા—ગંગા નદી ઉપર બિહારનુ મોટું શહેર છે.

કટક—ઓઢીયામાં મહા નદીના કાંઠા ઉપર બંદર છે.

જગન્નાથ—એ પવિત્ર જાત્રાનું ધામ છે. અહીં જગદીશનું મોટું મંદીર છે.

મુખ્ય બંદરો—કલકત્તા, મતલાહ, ચિતાગાંગ અને કટક.

નદીઓ—ગંગા, ગોગરા સોન, દામોદા, ભાગીરથી, હુગલી બ્રહ્મપુત્રા, સુરમા અને મહા નદી.

ભાષા—બંગાળી.

બહાર પ્રાંતમાં—હિંદી અને ઉર્દુ.

ઓઢીઆમાં—ઓઢી.

છોટા નાગપુરમાં—ઓઢી અને હિંદુસ્તાની.

સરોવર—ચિલકા.

ડુંગરો—હિમાલય અને રાજમહેલ.

હવા ખાવાનું ઠેકાણું—દાર્જીલીંગ-રાંચી-મોટું વગેરે જડે છે.

પ્રકરણ ૯ મું.

આશામ.

મુખ્ય શહેર—**શીલાંગ**-એ ખાશી પર્વત ઉપર રાજધાનીનું શહેર છે.

ગૌહતી, ચેરાપુંજી, ધુબ્રી, અને શીલચાર મોટાં શહેરો છે.

નદીઓ—બ્રહ્મપુત્રા કે સાંપુ.

નેપાળ ભૂતાન અને બીજાં પહાડી સંસ્થાનો—

નેપાળ.

મુખ્ય શહેર—ખટમંડુ-એ રાજધાનીનું શહેર છે.

ગુરખા અને મકવાનપુર બીજાં મોટાં શહેર છે.

નદી—કુશી.

ભાષા—હિંદી અને તિબેટની મિશ્રિત બોલાય છે.

ભૂતાન.

મુખ્ય શહેર—તાસીસ્યુડન-એ રાજધાનીનું શહેર છે.

પુનખા—અહીંલામાનામે બૌદ્ધ ધર્મ ગુરૂઓની મોટી સંખ્યા રહે છે તેનું ભરણ પોષણ પ્રજા કરે છે.

પ્રકરણ ૧૦ મું.

પોર્ટુગીઝનાં સંસ્થાનો.

દીવ—કાઠીયાવાડની દક્ષિણે છે.

દમણ અને ગોવા—પશ્ચિમ કિનારે છે.

ફ્રેન્ચ સંસ્થાન.

ચંદ્રનગર—હુગલી નદી ઉપર ફ્રાન્સ દેશના કબજાનું શહેર છે.

યાનાન—મદ્રાસની દક્ષિણે.

પાંદેચેરી અને કારીકલ મલબાર કાંઠા ઉપર છે.

માહી—

પ્રકરણ ૧૧ મું.

વનસ્પતિ.

બંગાળામાં ચોખાનો પાક પુષ્કળ થાય છે.

મધ્ય પ્રદેશમાં—બાજરી, જુવાર, પુષ્કળ થાય છે.

ઉત્તરમાં—ઘઉં સારા થાય છે.

મુંબાઈની આસપાસ અને મધ્ય પ્રાંતમાં—રૂ ઘણું સારૂં થાય છે.

આશામ અને હિમાલય પર્વત ઉપર—ઈમારતી લાકડું, સાગ, દેવદાર, સીસમ, અને ચાનું વાવેતર સારૂં થાય છે.

બિહાર અને માળવામાં—અફીણનો પાક થાય છે.

પશ્ચિમ ઘાટની દક્ષિણે—કૉફી સારી થાય છે.

ધર્મ.

આર્ય, મુસલમાની, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તિ, શીખ અને અગ્નિનો (આતસ બહેરામનો) વગેરે.

ભાષા.

સંસ્કૃત એમાંથી નીચે જણાવેલી ભાષાઓ થઈ છે.

ગુજરાતી—ગુજરાતમાં.

બંગાળી—બંગાળા પ્રાંતગાં.

ઉર્યા—મદ્રાસમાં.

હિંદી—મધ્ય પ્રાંતમાં.

પંજાબી—પંજાબમાં.

મરાઠી—નિઝામના રાજ્યમાં.

સિંધી—સિંધમાં.

હિંદુસ્તાની—સંયુક્ત પ્રાંતમાં

ઉર્દુ—પંજાબમાં.

દ્રાવીડમાંથી નીચે જણાવેલી ભાષાઓ થઈ છે.

તામીલ—મદ્રાસમાં.
મલયાલમ—
કાનડી—મહેસુરમાં.
તેલગૂ—મદ્રાસમાં.
ગોંડી—
બરમા—બરમામાં.
અંગ્રેજી સરવે ઠેકાણે સાધારણ.

મુખ્ય બંદરો.

ઘોઘા, કારવાડ, વેરાવળ, મુંબાઈ, કરાંચી (મુંબાઈ ઈલાકામાં) મદ્રાસ, કાલીકટ, મચ્છલીપટ્ટણ, નેગાપટ્ટણ વિશાગાપટ્ટણ (મદ્રાસ ઈલાકામાં)
કટક—(ઓઢીયામાં)

કયા શહેરમાં શું થાય છે.

હૈદ્રાબાદ—એમાં શેતરંજી સારી થાય છે.
ભૂજ—એમાં કસબી તથા હીરનું ભરતકામ સારૂં થાય છે.
જામનગર—એમાં કંકુ સારૂં થાય છે.
વડોદરા—પાન તથા કલાભવનના દેશી સામાનને માટે પ્રખ્યાત છે.
જયપુર—એમાં આરસના પથ્થરની મુર્તીઓ સારી થાય છે
શિરોહી—એમાં તરવારનાં પાનાં સારાં થાય છે.
કાલીકટ—એમાં કલીકો સારો થાય છે.
બેદર—એમાં સોના રૂપાની કારીગરી વાળાં પિત્તળનાં વાસણો સારાં થાય છે.
નાગપુર—એમાં ધોતી જોટા સારા થાય છે.
બરાનપુર—એમાં દુપટા અને ભરતકામ સારૂં થાય છે.

મારવાડ અને બિકાનેર—પશુઓ માટે પ્રખ્યાત છે.
લુદીયાણા—એમાં શાલો સારી થાય છે.
કાશ્મીર—એમાં શાલો તથા ઉનના કાપડ સારાં થાય છે.
કાશી—કીનખાપનો વણાટ સારો થાય છે.
કાનપુર—બાજરો તથા ચામડાની વસ્તુઓ સારી થાય છે.
ફેજાબાદ—એમાં મલમલ સારી થાય છે.
મુર્શીદાબાદ—એમાં રેશમી કાપડ અને હાથી દાંતની વસ્તુઓ બને છે.
ધાકા—એમાં મલમલ તથા સાબુ સારો થાય છે.

નદીઓ ઉપરનાં શહેરો

બ્રહ્મપુત્રા—ગૌહતિ.
ગંગા—કાનપુર, અલહાબાદ, કાશી, પટણા અને મુર્શીદાબાદ.
જમના—દિલ્હી, મથુરા, આગ્રા અને ઈટાવા,
મહાનદી—સંબલપુર, કટક અને જગન્નાથ.
સિંધુ—અટક, મિથનકોટ, સક્કર, લાર્ખાના, હૈદ્રાબાદ અને કરાંચી.
નર્મદા—જબલપુર અને ભરૂચ.
તાપી—સુરત અને બરાનપુર.
મહી—ખંભાત.
સાબરમતી—અમદાવાદ.
ગોદાવરી—નાશિક ત્ર્યંબક અને ઔરંગાબાદ.
કૃષ્ણા—મચ્છલીપટ્ટણ.
કાવેરી—શ્રીરંગપટ્ટણ, ત્રિચોનોપોલી અને તંજાવર.

હિંદુસ્તાનમાં દેશી રાજ્યો

મુંબાઈ ઈલાકામાં—ગાયકવાડ મહારાજનું, પાલનપુર,

શધનપુર, કોલ્હાપુર અને કાઠીયાવાડ.
મદ્રાસ ઈલાકામાં—ત્રાવણકોર અને કોચીન.
મહૈસુર—મહૈસુરનું રાજ્ય.
નિઝામનું રાજ્ય—નિઝામનું રાજ્ય.
સિંધીયા, હોલકર અને ભોપાળનું રાજ્ય.
રજપુત સંસ્થાનો.
પંજાબપ્રાંત—કાસ્મીર, ભાવલપુર અને પતીઆલા.
પહાડી સંસ્થાનો—મણિપુર.

સ્વતંત્ર રાજ્યો

નેપાળનું રાજ્ય, ભૂતાનનું રાજ્ય.

પરદેશી રાજ્યો

પોર્તુગીઝ સંસ્થાનો, ફ્રેન્ચ સંસ્થાનો.

રણક્ષેત્રો

ચિન્સુરા અને પ્લાસી—બંગાળામાં.
ફતેહપુર સિક્રી અને કનોજ—(સંયુક્ત પ્રાંતમાં)
પાણીપત—પંજાબમાં.
આર્ટી અનેપોર્ટોનોવો—મદ્રાસમાં.
આર્ગામ—વરાડમાં.



સમાપ્ત.